## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



મોટી મોટી હોસ્પિટલ ખોલાય તે ન્યૂઝ ખૂશ થવાના નથી... આપણું આરોગ્ય બગડી રહ્યાની નિશાની છે...!!

# વિચિત્ર હની ટ્રેપ ગોઠવીને ક્રેટા કાર સહિત સવા નવ લાખના મુદ્દામાલ લૂંટી લેનાર ગેંગ ઝડપાઈ

### ડિમ્પી નામની યુવતીએ ગોધરાના હોટલ સંચાલકને ફસાવીને ગાંધીનગર બોલાવ્યા બાદ ડિમ્પીની ગેંગે તેની ક્રેટા કાર અને રોકડ બાર હજાર રૂપિયા લૂંટી લીધા હતા : પેથાપુર પોલીસે આ ગેંગના બે સાગરીતોને પકડીને ગુનાનો પર્દાફાસ કર્યો

ગાંધીનગર, તા.૪

ગોધરામાં રહેતા એક હોટલ સંચાલક તથા ટ્રાવેલ્સ સંચાલક વેપારીને ટાર્ગેટ કરીને બે સપ્તાહ પહેલા વિચિત્ર હની ટ્રેપ ગોઠવી ડિમ્પી નામની યુવતીએ તેના સાગરીતો સાથે મળીને વેપારી યુવાનને લૂંટી લીધો હોવાની ઘટના બની હતી. ગોધરાના વેપારીને ગાંધીનગર બોલાવી આ ટ્રેપ ગોઠવ્યા બાદ અવાવરુ વિસ્તારમાં લઈ જઈ વેપારીને તેની ગેંગ દ્વારા લૂંટી લેવામાં આવ્યો હતો. વેપારીને નવ લાખની કિંમતની ક્રેટા કાર તથા રૂપિયા ૧૨ હજાર રોકડા મળી સવા નવ લાખનો મુદ્દામાલ લૂંટી લેવાયો હતો. સમગ્ર પ્રકરણની તપાસ કરી રહેલી પેથાપુર પોલીસની ટીમે આ વિચિત્ર હનીટ્રેપના ગુનાનો પર્દાફાસ કરી બે ધાડપાડુઓને દબોચી લીધા છે. આ ગુનામાં ફરાર અન્ય ત્રણ આરોપીઓને પકડી પાડવા પેથાપુર પોલીસે તજવીજ શરૂ કરી છે.

ગોધરા ખાતે રહેતા બિજલભાઈ જોગાભાઈ ભરવાડ દાહોદ ખાતેની જય ગોપાલ ટ્રાવેલ્સના માલિક છે અને દાહોદ હાઈવે પર ખોડીયાર હોટલ ચલાવે છે. ૧૬ ડિસેમ્બરે તેઓ ટ્રાવેલ્સના કામ માટે દાહોદથી સાંજના સમયે અમદાવાદ આવવા નીકળ્યા હતા.



તે સમયે તેમના પર ડિમ્પી ઉર્ફે દીપુ નામની એક યુવતીનો ફોન આવ્યો હતો અને અમદાવાદ મળવા બોલાવ્યા હતા. ડીમ્પી ઉજ્જૈન ખાતે દર્શન કરવા જતી તે સમયે બિજલભાઈની ખોડીયાર હોટલ ખાતે અવારનવાર પોતાના પરિવાર સાથે રોકાતી હતી. જેને પગલે બિજલભાઈ તે યુવતિના પરિચયમાં આવ્યા હતા. અવાર નવાર તેઓ ફોન પર વાત કરતા હતા. પરિચિત થઈ ગયા બાદ ડિમ્પીનો ફોન આવતા બિજલભાઈ અડાલજ કલોલ હાઈવે પર આવેલી બાપા સીતારામ હોટેલ ખાતે પહોંચ્યા હતા. તે સમયે ડિમ્પી અન્ય એક યુવતી સાથે આવી હતી. તેમની પાસે ચારેક વર્ષની બાળકી પણ હતી. ડિમ્પીએ અન્ય યુવતીને પોતાના મોટા બહેન ગીતાબહેન હોવાનું કહી તેમને કલોલ ખાતે મુકવા જવાની વાત કરી હતી. બિજલભાઈ બંનેને કારમાં બેસાડીને કલોલ તરફ નીકળ્યા હતા. કારમાં ડીમ્પી ફોન પર કોઈની સાથે વાતચીત કરી રહી હતી. રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં ભોયણ રાઠોડ ગામ આવતા ડીમ્પીએ કાર રોકવાનું કહ્યું હતું. બિજલભાઈ કાર ઉભી રાખીને નીચે ઉતર્યા ત્યારે ચારેક માણસોએ લાકડીઓ વડે માર મારવાનું શરૂ કરી દીધું હતું. બિજલભાઈ બુમાબુમ કરીને દોડવા લાગ્યા હતા. તેટલામાં તેમની ૯ લાખની કિંમતની ક્રેટા કાર લઈને આખી

● અનુસંધાન પાના ૭ પર

# ઠંડીમાં રાહત : લઘુત્તમ તાપમાન ૯.૪ ડિ.સે.

### છેલ્લા કેટલાય દિવસોથી હાડ થીજવતી ઠંડીમાં જકડાયેલા વસાહતીઓએ રાહત અનુભવી

ગાંધીનગર, તા. ૪

છેલ્લા પંદર દિવસથી આકરી ઠંડીમાં હેરાન પરેશાન થઈ રહેલા વસાહતીઓને ઠંડીમાં ખૂબ રાહત મળી છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન બંનેમાં સારો એવો ઘટાડો થતાં વસાહતીઓએ ગરમ વસ્ત્રોમાંથી મુક્તિ મેળવી હતી.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાય દિવસોથી ખુબ જ આકરી ઠંડી પડી રહી હતી. લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નીચે જતુ રહ્યુ છે. છેલ્લા પંદર દિવસથી આજ હાલ છે. હાડ થીજવતી ઠંડીમાં વસાહતીઓ હેરાન પરેશાન થતાં જોવા મળ્યા હતા. એક તબક્કે તો લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રી સુધી પહોંચી જતાં વસાહતીઓ માટે ઘરની બહાર નીકળવુ પણ દુષ્કર થઈ ગયુ હતુ. ઘરના બારી-બારણા થોડીકવાર માટે પણ ખુલ્લા રાખી શકાતા ન હતા.

જોકે છેલ્લા બે-ત્રણ દિવસથી ધીમે ધીમે ઠંડીમાં ઘટાડો થયો હતો. ત્રણેક દિવસ અગાઉ મહત્તમ તાપમાનમાં સારો એવો વધારો થતાં અને ઠંડા પવનો બંધ થતાં વસાહતીઓને હાશકારો થયો હતો. ગઈકાલે પણ મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી નોંધાયુ હતુ. તે પછી રાત્રી દરમ્યાન ઠંડા પવનો સાવ બંધ થઈ જતાં લઘુત્તમ તાપમાન પણ ઉંચકાયુ હતુ. લઘુત્તમ તાપમાન ૯.૪ ડિ.સે. પહોંચતા આકરી ઠંડીના સકંજામાંથી વસાહતીઓએ મુક્તિ અનુભવી હતી. ગરમ વસ્ત્રોમાં દિવસો સુધી લપેટાયેલા રહેતા વસાહતીઓએ સ્વેટર, શાલ અને જેકેટ ત્યજી દીધા હતા.

ઠંડીના કારણે જનજીવન પર ઘેરી અસર જોવા મળી હતી. વસાહતીઓ જે ઘરની બહાર નીકળી શકતા ન હતા તેઓએ ઠંડી ઓછી થતાં બહાર નીકળવાનુ શરૂ કર્યુ હતુ. બજારોમાં થોડીક ચહલપહલ જોવા મળી હતી. આજે તો આકાશમાં થોડાક વાદળા પણ જોવા મળ્યાં હતા. જેના કારણે વાતાવરણ હુફાંળુ લાગતુ હતુ. આજે લઘુત્તમ તાપમાન ૯.૪ ડિ.સે. અને મહત્તમ તાપમાન ૨૯.૨ ડિ.સે. અનુભવાયુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૦ ટકા અને સાંજે ૫૪ ટકા રહ્યુ હતુ.

# આજે ટાઉનહોલમાં "રણકાર" ગુર્જર હૈયાને દરબાર યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની જાણીતી સંસ્થા કલાગુર્જરી દ્વારા તેના ૧૨માં વર્ષના પાંચમા કાર્યક્રમમાં સુરીલી સરગમ સલિલ મહેતા દ્વારા પ્રસ્તુત કંઠસ્થ લોકભોગ્ય પ્રચલિત અને મનગમતા ગુજરાતી ગીતોના જાજરમાન જલસો રણકાર ગુર્જર હૈયાને દરબાર કાર્યક્રમ તા. ૫ જાન્યુઆરીને શનિવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. આપણા સૌની જીભે અને કંઠે કાયમ રહેલ આપણી ભાષાનો રણકાર સાંભળવાની અને માણવાની અમુલ્ય તક ગાંધીનગરના સૌ કલાપ્રેમીઓને પ્રાપ્ત થશે. જાણીતા કલાકારો કલ્યાણી કૌઠાળકર, પ્રહવર વોરા, સંપદા વોરા, અને હર્ષ શાહના રણકતા કંઠે રજુ થનાર ગીતોના આ કાર્યક્રમનું સંગીત સંચાલન મયુર દવે દ્વારા અને સંગીત સંકલન કલ્યાણી કૌઠાળકર દ્વારા કરવામાં આવશે. પ્રવકતા તરીકે ડો.માર્ગી હાથી હાજર રહેશે. ગાંધીનગરના કલારસિક શ્રોતાઓને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ એન.પી.પટેલ દ્વારા સૌને અનુરોધ કરાયો છે.

# ચેક પરત થવાના કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદની સજા

ગાંધીનગર તા ૪

મિત્રને આર્થિક મુશ્કેલી હોવાના કારણથી ઉછીના આપેલા રૂ ૪.૫૦ લાખના કેસમાં ચેક પરત થતા ગાંધીનગર કોર્ટે આરોપીને બે વર્ષની સાદી કેદની સજા તેમજ લેંણી રકમ ૩૦ દિવસમાં ચુકવી આપવા માટે કાર્ટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સે-૨૨ માં રહેતા મોહનભાઈ આત્મારામ ચૌહાણ તેમજ સે-૨૭ માં રહેતા વિજય સવજીભાઈ બેંકર વચ્ચે મિત્રતાનો સંબંધ હતો. જયારે મિત્રને આર્થિક મુશ્કેલની સમયે પૈસાની જરૂર હોવાથી વિજય બેંકરે મોહનભાઈ પાસે પૈસાની માંગણી કરી હતી જે અન્વયે તેમણે આરોપીને રૂ ૪.૫૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જયારે પૈસાની ઉઘરાણી મામલે આરોપીએ લેંણી રકમનો સે-૧૬ સ્થિત પંજાબ નેશનલ બેંકનો ચેક આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતા અપુરતા ભંડોળના શેરા સાથે પરત થયો હતો. ત્યારબાદ નોટીસના અંતે પણ આરોપીએ રકમ જમા કરાવી ન હતી. જેથી આરોપી સામે વકીલ મારફતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ અન્વયે ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગાંધીનગરની ૬ હ્રા એડી ચીફ જયુડિશ્યલ મેજી ની કોર્ટમાં ચાલી જતા ફરિયાદી તરફેના વકીલ તરીકે જેપાલ અમૃત અંબાલાલે દલીલો કરી હતી. જે દલીલોના અંતે જજ આર ડી મહેતાએ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

# રવિવારે સવારે ઘ-૪ સર્કલે 'પુસ્તક-પરબ' યોજાશે

ગાંધીનગરમાં માતૃભાષા અભિયાન પ્રેરિત 'પુસ્તક-પરબ'નું આયોજન દર માસના પ્રથમ રવિવારે આત્મન ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯ની પ્રથમ પુસ્તક પરબ તા. ૬ઠ્ઠી જાન્યુઆરીએ રવિવારે સવારે ૭.૩૦થી ૯.૩૦ કલાક દરમિયાન ઘ-૪ સર્કલે યોજાશે.

દિન પ્રતિદિન નાગરિકોમાં વાંચનનો મહિમા ઘટતો જાય છે. જેની સીધી અસર ભાષાના સંરક્ષણ અને સંવર્ધન પર પડે છે. આજના ડીજીટલ યુગમાં માનવી પુસ્તકોથી દૂર થઈ રહ્યો છે તે બાબતે સમાજ ચિંતકો ચિંતિત બન્યા છે. કારણ કે પુસ્તકને માનવીનો શ્રેષ્ઠ મિત્ર કહેવામાં આવે છે અને વાંચન થકી જ્ઞાનમાં વધારો થાય છે, ભાષાનું અસ્તિત્વ જળવાય છે. સારા સાહિત્યના વાંચન થકી સ્વસ્થ સમાજનું નિર્માણ થાય છે. માતૃભાષા અભિયાન અંતર્ગત વાંચન પ્રવૃત્તિને વેગ આપવા પ્રયાસો હાથ ધરાયાં છે અને જે અંતર્ગત રાજયભરમાં ૧૨૭ સ્થળોએ દરમાસના પ્રથમ રવિવારે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. પુસ્તક પરબમાં શિષ્ટ સાહિત્યનો પુસ્તકોનું વિના મૂલ્યે આદાન પ્રદાન કરવામાં આવે છે એટલે કે વાંચકો પોતાને ગમતા પુસ્તકો પ્રાપ્ત કરી શકે છે તે રીતે પુસ્તક પરબને પુસ્તકો દાન ભેટ તરીકે આપી પણ શકાય છે. ગાંધીનગરમાં રવિવારે યોજાનાર પુસ્તક પરબનો લાભ લેવા નગરજનોને આત્મન ફાઉન્ડેશનનું જાહેર આમંત્રણ છે.



ગાંધીનગરના હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા નવા વર્ષની ઉજવણીને અનુલક્ષી સે-૧૬ રંગમંચ ખાતે નગરના દિવ્યાંગ બાળકો , અનાથઆક્ષમના બાળકો તેમજ વૃધ્ધાશ્રમના વડીલોની હાજરીમાં રાસ ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. આ દરમિયાન રાષ્ટ્રીય પુરસ્કૃત સર્વ શ્રેષ્ઠ દ્રષ્ટી બાધિત કર્મચારી ભુપેન્દ્ર ત્રિપાઠીએ ઉપસ્થિત રહી દિવ્યાંગ બાળકોને પ્રેરણાદાયી વકત્વ્ય આપ્યુ હતુ.


